
નમો નમો નિમ્મલદંસણસ્સ

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:

પૂજ્યશ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમ:

# ૧૧.વિપાકશ્રુત
## સટીક વિષયાનુક્રમ



વિષયાનુક્રમ રચયિતા


आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ વિષયાનુક્રમ શ્રેણી-૧૧

નમો નમો નિમ્મલદંસણસ્સ
બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:
પૂજ્યશ્રી આનંદ–ક્ષમા–લલિત–સુશીલ–સુધર્મસાગર ગુરૂભ્યો નમ:

# વિપાકશ્રુત
## સટીક વિષયાનુક્રમ

09/11/2021 મંગળવાર ૨૦૭૮ કારતક સુદ ૫


વિષયાનુક્રમ રચયિતા
આગમ દિવાકર ડો. મુનિ દીપરત્નસાગર
[M.Com. M.Ed. Ph.D. શ્રુતમહર્ષિ]

: સંપર્ક :
ડો. મુનિ દીપરત્નસાગરજી
'પાર્શ્વ વિહાર' જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે
**Post ઠેબા, Dis. જામનગર, ગુજરાત 361120**

**Mobile 9825967397**

jainmunideepratnasagar@gmail.com


આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી-૧૧

## ‘આગમ સટીક વિષયાનુક્રમ’ સંબંધે . આરંભે આટલું કહીશ

આપના કરકમલમાં અમે 'આગમ સટીક વિષયાનુક્રમ' એવા કોમન નામથી ૪૫ આગમના ૪૫ પુસ્તકો પ્રગટ કરી રહ્યા છીએ. આ પૂર્વે ‘આગમ વિષય અનુક્રમ’ નામે અમે ૪૫ મૂળ આગમોની બૃહત્ અનુક્રમણિકા પ્રગટ કરેલી હતી. હવે દરેક આગમના પ્રત્યેક મૂલસૂત્ર અલગ અલગ મૂકી, તે સાથે તે આગમની ઉપલબ્ધ નિર્યુક્ત અને વૃત્તિ સહિત આ અનુક્રમણિકા બનાવેલ છે. (તેમાં કોઈ કોઈ આગમના ભાષ્ય અને ચૂર્ણી પણ સમાવેલ છે)

'આગમ સટીક વિષયાનુક્રમ’અભ્યાસ પદ્ધતિ —

૧. અમે પ્રત્યેક પેજ ઉપર ત્રણ કોલમ બનાવેલ છે, જેમાં પહેલી કોલમમાં મૂળ, વૃત્તિ, નિર્યુક્તિ, ભાષ્ય વગેરેની ઓળખ મૂ૦, વૃ૦, નિ૦, ભા૦ એવા સંક્ષેપથી કરી છે. બીજી કોલમમાં અંક મૂકેલ છે, જે અંક મૂળસૂત્ર કે નિર્યુક્તિ વગેરે સૂચવે છે. જેમ કે ‘મૂ૦ ૨૪’એટલે તે આગમનું ૨૪ મું મૂળ સૂત્ર.

૨. અમે સૂત્ર અનુક્રમને નોર્મલ બ્લેક ટાઈપમાં મૂકેલ છે, જ્યાં ગાથા આવી તેનો અનુક્રમ નોર્મલ બ્લુ ટાઈપમાં, નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણીનો અનુક્રમ ઈટાલિક બ્લેક ટાઈપમાં છે. વૃત્તિ અનુક્રમ લાલ ટાઈપમાં મૂકેલ છે.

૩. અમે મૂકેલ અંક મુજબ અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ તે સૂત્ર,નિર્યુક્તિ,વૃત્તિ આદિ શોધવા અતિ સરળ છે. તમે ફક્ત તે આગમ ખોલો, અહી આપેલ સૂત્રાંક જોઈને તે આગમમાં તે જ સૂત્રક્રમ સુધી જાઓ, તમારી પસંદનુ સૂત્ર વાંચી શકશો. જેમ કે– તમે આચારસૂત્રની અનુક્રમણિકામાં એક વિષય પસંદ કર્યો, તેનો ક્રમ છે ‘મૂ૦ ૨૪’ તો તમે અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ આચારસૂત્ર કાઢી, ૨૪ મું સૂત્ર ખોલો,તમારો વિષય મળી જશે

વિશેષ લાભ — બધાં પ્રકાશનોમાં સમાન ક્રમાંકન હોવાથી આ ગ્રંથની મદદથી આપ અમારા પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી કે હિન્દી; કોઈપણ ભાષામાં અને મૂલઆગમ કે સટીક, એ બંનેમાંથી કોઈપણ સ્વરૂપે આપના ઈચ્છિત વિષયનો અભ્યાસ કરી શકો છો. વળી ચારે ભાષાની તુલના દ્વારા કે મૂલ સૂત્ર અથવા તેના વિવેચન વડે આપના વિષયની તલસ્પર્શી માહિતીને સરળતાથી જાણી શકોછો કે ગહનતાથી સમજી શકો છો.

.....મુનિ દીપરત્નસાગર...

# ૪૫– આગમ વર્ગીકરણ

શ્વેતાંબર મૂર્તિપૂજક વર્તમાન પરંપરા મુજબ આગમોની સંખ્યા ૪૫ નિર્ધારિત કરાયેલી છે, આ ૪૫ આગમોનું વર્ગીકરણ છ વિભાગોમાં કરાયેલ છે. તે આ

11– અંગ, 12– ઉપાંગ, 10– પયન્ના, 6– છેદ, 4– મૂલ, 2– ચૂલિકા.

[૧] અંગસૂત્રો – [૧૧]

૧. આચાર, ૨. સૂયગડ, ૩. ઠાણ, ૪. સમવાય, ૫. વિવાહપન્નત્તિ,
૬. નાયાધમ્મકહા, ૭. ઉવાસગદસા, ૮. અંતગડદસા,
૯. અનુત્તરોપપાતિકદસા, ૧૦. પણ્હાવાગરણ, ૧૧. વિવાગસૂય

[૨] ઉપાંગસૂત્રો– [૧૨]

૧.ઉવવાઈઅ, ૨.રાયપ્પસેણિય, ૩.જીવાજીવાભિગમ, ૪.પન્નવણા,
૫.સૂરપન્નત્તિ, ૬.ચંદપન્નત્તિ, ૭.જંબૂદ્વીપપન્નત્તિ, ૮. નિરયાવલિયા,
૯.કપ્પવડિંસિયા, ૧૦.પુપ્ફિયા, ૧૧.પુપ્ફચૂલીયા, ૧૨.વણ્હિદસા.

[૩] પયન્નાસૂત્રો – [૧૦]

૧. ચઉસરણ, ૨.આઉરપચ્ચક્ખાણ, ૩.મહાપચ્ચક્ખાણ,
૪.ભત્તપરિણ્ણા, ૫.તંદુલવેયાલિય, ૬.સંથારગ, ૭.ગચ્છાચાર,
૮.ગણિવીજ્જા, ૯.દેવિંદત્થવ, ૧૦. મરણસમાહિ.

[૪] છેદસૂત્રો – [૬]

૧.નિસીહ, ૨.બૃહતકપ્પ, ૩.વવહાર, ૪.દસાસુયક્ખંધ,
૫.જીયકપ્પ, ૬.મહાનિસીહ

[૫] મૂલસૂત્રો – [૪]

૧.આવસ્સય, ૨.ઓહનિજ્જુત્તિ (પિંડનિજ્જુત્તિ),
૩.દસવેયાલિય, ૪.ઉત્તરજ્ઝયણાણિ

[૬] ચૂલિકાસૂત્રો –[૨]

૧.નન્દીસૂત્ર , ૨. અનુયોગદ્વાર.

આગમ સંબંધી અમારા બધાં જ પ્રકાશનોમાં આ વર્ગીકરણ સ્વીકારેલ છે.

.....મુનિ દીપરત્નસાગર...

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:

નમો નમો નિમ્મલદંસણસ્સ

પૂજ્ય શ્રી આનંદ–ક્ષમા–લલિત–સુશીલ–સુધર્મસાગર ગૂરૂભ્યો નમ:

# (૧૧) 'વિપાકશ્રુત' સટીક વિષયાનુક્રમ

| સંજ્ઞા | સંક્ષેપ | કલર | ટાઈપ |
|---|---|---|---|
| સૂ૦ | સૂત્ર | બ્લેક | નોર્મલ |
| ગા૦ | ગાથા | બ્લ્યુ | નોર્મલ |
| *નિ૦* | *નિર્યુક્તિ* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ભા૦* | *ભાષ્ય* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ચૂ૦* | *ચૂર્ણી* | *બ્લેક* | *ઈટાલિક* |
| **વૃ૦** | વૃત્તિ | રેડ | નોર્મલ |
| ભૂ૦ | ભૂમિકા | બ્લેક | નોર્મલ |

–: સૂચના :–

*જ્યાં 'વિષય અનુક્રમ'માં ૧,૨,૩, એવા ક્રમ જોવા મળે ત્યાં, તે બધી નિર્યુક્તિ, સૂત્ર કે ગાથા આદિનો સંયુક્ત અનુક્રમ સમજાવો. જેમ કે– અહી નિર્યુક્તિ ૨૩, ૨૪, ૨૫ માં ૧,૨,૩ લખ્યું છે, તો ત્યાં ત્રણે નિર્યુક્તિનો સંયુક્ત ક્રમ સમજવો

| | | |
|---|---|---|
| બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ: | | |
| નમો નમો નિમ્મલદંસણસ્સ | | |
| પૂજ્ય શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગૂરૂભ્યો નમ: | | |
| વિપાકશ્રુત સૂત્ર | | |
| વૃ૦ | ભૂ૦ | ‘વિપાકશ્રુત’નો અર્થ,<br>પ્રયોજન: અનંતર-કર્મ વિપાકનું જ્ઞાન, પરંપર-મોક્ષ |
| શ્રુતસ્કંધ-૧- ‘દુ:ખ વિપાક’ | | |
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૧ | ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય,<br>આર્ય સુધર્માનું આગમન, સુધર્માસ્વામીનો પરિચય<br>જંબૂ અણગારનો પરિચય<br>જંબૂ અણગારની સુધર્માસ્વામીને વિધિવત્ વંદના<br>કાળ અને સમયનો ભેદ,<br>સુધર્મા અને જંબૂસ્વામીના પરિચયનો અર્થવિસ્તાર |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૨ | જંબૂસ્વામીની વિપાકશ્રુત વિશે જિજ્ઞાસા<br>સુધર્માસ્વામીનો ઉત્તર: ૧૧ મું અંગ, દુ:ખવિપાક,સુખવિપાક નામના બે શ્રુતસ્કંધ.<br>ઉપોદ્‌ઘાત: શ્રુતસ્કંધ-૧ ‘દુ:ખવિપાક’ના કેટલા અધ્યયન?<br>જંબૂને ઉતર: દુ:ખવિપાકના ૧૦ અધ્યયનોછે-<br>દુ:ખવિપાક શબ્દનો અર્થ |
| મૂ૦<br>વૃ૦ | 3 | મૃગાપુત્ર, ઉજ્જિતક, અભગ્ન, શકટ વગેરે ૧૦<br>દશે અધ્યયનની ઓળખ |
| શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧-‘મૃગાપુત્ર’ | | |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૪ | અધ્યયન-૧ નો ઉપોદ્‌ઘાત,<br>મૃગાગ્રામ નગર, ચંદનપાદપઉદ્યાન, સુધર્મયક્ષાયતન,<br>વિજયરાજા, મૃગારાણી, મૃગાપુત્ર બાળક,<br>મૃગાપુત્રનું શારીરિક વર્ણન, સર્વ અંગોપાંગ વિકલ,<br>ભૂમિગૃહમાં રાખવો, ગુપ્ત રીતે ભોજન+પાન<br>આત્મજ, જાતિઅંધ, હુંડ વગેરે શબ્દોના અર્થ |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૫ | જન્માંધ ભિખારી, તેનું વર્ણન, ઘેર ઘેર ભિક્ષા માંગી જીવતો.<br>તે કાળે ભ૦ મહાવીરનું આગમન<br>વિજયરાજાનું કોણિક માફક વંદનાર્થે જવું<br>અંધભિક્ષુક્નુ પણ એકાક્ષી પુરુષ સાથે ભ૦ પાસે જવું<br>ભગવંત દ્વારા ધર્મદેશના<br>ઈન્દ્ર મહોત્સવનો અર્થ, |
| મૂ૦ | ૬ | જન્માંધ ભિખારીને જોઈને ગૌતમસ્વામીની જિજ્ઞાસા–<br>કોઈ પુરુષ જાત્યંધ, જાત્યંધરૂપ હોય? કેવી રીતે?<br>ભ૦ મહાવીર દ્વારા સર્વાંગોપાંગ વિકલ મૃગાપુત્રનું કથન<br>ભગવંતની આજ્ઞા લઈ ગૌતમસ્વામીનું મૃગાદેવીને ત્યાં ગમન<br>મૃગારાણી દ્વારા ગૌતમને વિનયપૂર્વક પ્રશ્ન<br>ગૌતમ દ્વારા જાત્યંધ મૃગાપુત્રને જોવાની ઈચ્છા<br>મૃગારાણીના કહેવાથી ગૌતમસ્વામીએ મુખને બાંધવું<br>ભૂમિગૃહમાંથી આવતી અનિષ્ટતર ગંધનું વર્ણન<br>મૃગાપુત્રનો આહાર અને આહારવિધ્વંસનું વર્ણન<br>ગૌતમસ્વામીને થયેલ મનોગત સંકલ્પ– આ બાળક અશુભ<br>કર્મોદયથી નરકતુલ્ય વેદના વેદે છે.<br>ભગવંત પાસે આવીને વિનયપૂર્વક ઘટનાનું નિવેદન |
| મૂ૦ | ૭ | મૃગાપુત્રના પૂર્વભવ સંબંધે ભગવંતને પ્રશ્ન–<br>શતદ્વાર નગર, વિજયવર્દ્ધમાનખેટક<br>એકાઈ રાઠોડ નામે ક્રુર શાસક, ૫૦૦ ગામનો અધિપતિ<br>એકાઈ રાઠોડના દુષ્ટ સ્વભાવનું વર્ણન<br>તેનું તેવા કર્મ, આચરણ આદિથી પાપકર્મ ઉપાર્જન<br>એકાઈના શરીરમાં સોળ રોગોની ઉત્પત્તિ– |
| મૂ૦ | ૮ | શ્વાસ, ખાંસી, જ્વર,દાહ, કુક્ષીશૂળ વગેર ૧૬ રોગો |
| મૂ૦ | ૯ | ચિકિત્સાના અનેક પ્રયત્નો, વૈદકીય સારવાર<br>એક પણ રોગનું શમન ન થવું , રોગાતંકથી પરાભવ<br>તે દુ:ખાર્ત્ત થઈ ૨૫૦ વર્ષ આયુ પાળી મૃત્યુ પામ્યો<br>તેની રત્નપ્રભા નરકમાં ઉત્પત્તિ |

| | | |
|---|---|---|
| | | નરકમાંથી મૃગાદેવીની, કુક્ષિમાં ઉત્પત્તિ,<br>મૃગાદેવીની અપમાનીત સ્થિતિ,<br>ગર્ભપાતના અનેક પ્રયત્ન, નિષ્ફળતા<br>બાળકને ગર્ભમાં જ રોગોત્પત્તિ,અગ્નિક નામે વ્યાધિ<br>ગર્ભમાં કરાતા આહારની લોહી અને પરુ રૂપે પરિણતી<br>જાતિઅંધ અને માત્ર આકૃતિરૂપ પુત્રનો જન્મ<br>બાળકને જન્મતા જ ફેંકવાનો નિર્ણય,<br>વિજયરાજાની સલાહથી બાળકનો ભૂમિગૃહમાં ઉછેર<br>મૃગાપુત્ર, ચિરંતન કર્મ ભોગવતો રહેલ છે. |
| વૃ૦ | | વૈદ્ય, જ્ઞાયક, ચિકિત્સક, સત્થકોશ વગેરે શબ્દોના અર્થ<br>ગર્ભ શાતન, પાડણ, ગાલણ, મારણ વગેરેનો અર્થ |
| મૂ૦ | ૧૦ | ભગવંત દ્વારા મૃગાપુત્રના મૃત્યુ અને ભવભ્રમણનુ કથન<br>૨૬ વર્ષનું આયુ પાળી સિંહ રૂપે ઉત્પત્તિ,<br>પછી ભયંકર ભવ ભ્રમણ–<br>એકથી સાત નરક સુધી ક્રમશ: ઉત્પતિ, વચ્ચે વચ્ચે સરીસર્પ<br>પક્ષી, સિંહ વગેરે તિર્યંચ પંચેન્દ્રિયના ભવો<br>જળચર પંચેન્દ્રિય તિર્યંચમાં અનેક લાખ ભવો<br>ત્યાંથી ચતુષ્પદ આદિમાં, વિકલેન્દ્રિયોમાં, કડવા રસવાળી<br>વનસ્પતિઓમાં, વાયુ.તેઉ.અપ્કાયમાં કરોડો ભવો<br>કાળક્રમે સુપ્રતિષ્ઠપુરમાં શ્રેષ્ઠીપુત્રરૂપે જન્મ<br>તાથારૂપ સ્થવીર પાસે અણગારિક દીક્ષા<br>સૌધર્મ દેવલોકે ઉત્પત્તિ, પછી મહાવીદેહે મોક્ષ<br>નિગમન વાક્ય... |
| | | |
| શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૨–‘ઉજ્ઝિતક’ | | |
| મૂ૦ | ૧૧ | અધ્યયન:૨ નો ઉપોદ્ઘાત,<br>વાણિજ્યગ્રામનગર, દૂતિપલાશ ઉદ્યાન, યક્ષાયાતન<br>મિત્તરાજા, શ્રી રાણી, કામધ્વજા ગણિકા<br>કામધ્વજાગણિકાનું રૂપ,દેખાવ,ઋદ્ધિ,કળા આદિનું વર્ણન |
| વૃ૦ | | કામધ્વજાગણિકાનું શારીરિક વર્ણન, વિસ્તારથી |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૧૨ | વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર નામે ધનિક સાર્થવાહ<br>તેને સુભદ્રા નામે પત્ની, ઉજ્ઝિતક નામે પુત્ર,<br>ભગવંતનું આગમન, પર્ષદા, ધર્મકથન<br>છટ્ઠ છટ્ઠના તપસ્વી ઈન્દ્રભૂતિગૌતમનું આગમન<br>ગૌતમનું ભિક્ષાર્થે ભ્રમણ કરતા રાજમાર્ગે પસાર થવું<br>ઘણા હાથી, ઘણા ઘોડા વગેરે જોયા, તેનું વર્ણન<br>તેના મહાવતો, અસવારો આદિ આયુધ+પ્રહરણ સજ્જ<br>તેની વચ્ચે નાક કાન કાપેલો, અવળા મુખે બાંધેલ, તલ તલ<br>છેદાતો ઈત્યાદિ વર્ણન યુક્ત ઉજ્ઝિતકને જોવો<br>રાજમાર્ગમાં ઉજ્ઝિતકના વધનું દૃશ્ય જોવું |
| વૃ૦ | | ગૌતમસ્વામીની દિનચર્યા–પહેલી પોરિસિએ સજ્ઝાય, બીજી પોરિસિએ ધ્યાન, ત્રીજી પોરિસિએ પાત્ર+વસ્રોનું પડિલેહણ, ભગવંતની આજ્ઞા લઈ છટ્ઠના પારણે ભિક્ષાર્થે ગમન |
| મૂ૦ | ૧૩ | ઉજ્ઝિતકની વેદના જોઈ, ગૌતમસ્વામીને મનોગત વિચાર<br>યથાપર્યાપ્ત ભિક્ષા ગ્રહણ કરી, ભ૦ને બતાવીને પ્રશ્ન–<br>મેં જોયેલ પુરુષનો પૂર્વભવ, તેના પાપકર્મ ?<br>ભગવંત મહાવીર દ્વારા પૂર્વભવ કથન–<br>હસ્તિનાપુર નગર, મધ્યભાગે મોટો ગોમંડપ<br>ગોમંડપમાં ઘણા ગાય, બળદ, પાડા, વાછરડાદિનો વાસ<br>તે નગરમાં ભીમ નામે અધાર્મિકાદિ સ્વરૂપ કૂટગ્રાહી<br>ઉત્પલા નામે પત્ની, ગર્ભવતી, ગૌમાંસ ભક્ષણનો દોહદ,<br>ભીમ કુટગ્રાહ દ્વારા ગોમંડપમાંથી પશુ અવયવોનું છેદન<br>પશુના અંગોપાંગના માંસાદિથી દોહદની પૂર્તિ<br>અન્ય કોઈ દિવસે એક બાળકનો જન્મ |
| વૃ૦ | | અજ્ઝત્થીય, કલ્પિત, પ્રાર્થિત, ચિંતિતાદિ શબ્દોના અર્થ |
| મૂ૦ | ૧૪ | જન્મતાની સાથે અરસ+વિરસ બુમો પાડતો, તેના અવાજથી ઉદ્વિગ્ન થઇ, ગાય વગેરે પશુઓ ભાગવા લાગતા, તે બાળકનું 'ગોત્રાસ' નામ રાખ્યું.<br>કાળક્રમે ભીમનું મૃત્યુ, ગોત્રાસની કૂટગ્રાહ રૂપે નિયુક્તિ, |

| | | |
|---|---|---|
| | | અધાર્મિક યાવત દુષ્પ્રત્યાનંદ ગોત્રાસની નિત્ય અને ભયંકર પશુ વધાદિ પ્રવૃત્તિ, આજીવન ગોમાંસ ભક્ષણ<br>મૃત્યુ બાદ બીજી નરકમાં નારક રૂપે ઉત્પત્તિ |
| મૂ૦<br>વૃ૦ | ૧૫ | નરકમાંથી સુભદ્રાની કુક્ષિમાં પુત્રપણે ઉત્પત્તિ<br>જન્મતા કચરામાં ફેંક્યો હોવાથી ઉજ્ઝિતક નામ<br>પાંચ ધાત્રી દ્વારા પાલન કરાતો સુખે સુખે ઉછેર<br>પિતા વિજયમિત્ર સાર્થવાહ, માતા સુભદ્રાનું મૃત્યુ<br>સ્થિતિપતિતાનો અર્થ |
| મૂ૦ | ૧૬ | દુરાચારી ઉજ્ઝિતકને ઘરમાંથી કાઢી મૂકવો<br>વ્યસનોનું સેવન, કામધ્વજા સાથે કામક્રીડા<br>વિજયમિત્રરાજાની રાણી શ્રીદેવીને યોનિશૂળ,<br>મિત્ર રાજા દ્વારાકામ ધ્વજાની ઉપપત્નીરૂપે નિયુક્તિ,<br>ઉજ્ઝિતકનો કામધ્વજા પાસે ગુપ્ત પ્રવેશ,<br>મિત્ર રાજાએ જોઈ જતા ઉજ્ઝિતકને મૃત્યુદંડ<br>આ રીતે ઉજ્ઝિતક પુરાણા કર્મો અનુભવતો વિચરે છે. |
| મૂ૦ | ૧૭ | ઉજ્ઝિતકની ગતિ વિશે ગૌતમની જિજ્ઞાસા<br>મૃત્યુ બાદ તેની પ્રથમ નરકે ઉત્પત્તિ,<br>ત્યાંથી વાનરરૂપે ઉત્પત્તિ,નવા વાનરબાળને મારી નાંખતો,<br>આવા પાપકર્મથી મારીને ગણિકાપુત્ર થશે<br>ત્યાં તેને નપુંસક કર્મ શીખવશે, પ્રિયસેન નપુંસક નામ<br>અનેક પાપકર્મ કરીને પહેલી નરકે ઉત્પત્તિ<br>ત્યાંથી અધ્યયન–૧ મુજબ સાતે નરકે + તિર્યંચમાં ઉત્પત્તિ<br>અંતે ચંપાનગરીમાં જન્મી, અણગાર થઈ પરંપરાએ મોક્ષ |
| | | |
| | | **શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૩–‘અભગ્નસેન’** |
| મૂ૦<br>વૃ૦ | ૧૮ | અધ્યયન:૩ નો ઉપોદ્‌ઘાત,<br>પુરિમતાલનગર, અમોઘદર્શન ઉદ્યાન, યક્ષાયતન<br>સાલા નામક અટવી, તેમાં એક ચોરપલ્લી, પલ્લીનું વર્ણન<br>વિજય નામે ચોર, ચોરનું વર્ણન, ૫૦૦ ચોરનો અધિપતિ,<br>પલ્લીના વર્ણનમાં આવતા શબ્દોના અર્થ |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૧૯ | વિજય ચોરના ભીષણ અકૃત્યોનું વર્ણન<br>વિજય ચોરને સ્કંદશ્રી નામક પત્ની, અભગ્નસેન નામે પુત્ર<br>પુરિમતાલ નગરે ભ૦ મહાવીરનું આગમન, ધર્મકથા<br>ગૌતમસ્વામી ભિક્ષાર્થે રાજમાર્ગે નીકળ્યા<br>ઘણા હાથી, ઘોડા, શસ્ત્રાદિ ધારણ કરેલ પુરુષો<br>મધ્યમાં એક અવકોટક બંધને બાંધેલ પુરુષ<br>અભગ્નસેનના વધનું દશ્ય, તદુપરાંત...<br>પ્રત્યેક ચત્વરે કાકા, કાકી વગેરે. એ રીતે અઢારે ચત્વરે તેના<br>કોઈને કોઈક સગા, જેને ચાબૂકના માર મરાતા હતા<br>વિજય ચોરના ભીષણ અકૃત્યોના શબ્દોના અર્થ |
| મૂ૦ | ૨૦ | ગૌતમસ્વામીને તે પુરુષોને જોઈને થયેલ મનોગત વિચાર<br>ભગવંતને અભગ્નસેનના પૂર્વભવની પૃચ્છા–<br>પૂર્વભવે અધાર્મિક એવો નિર્ણય નામે ઈંડાનો વેપારી,<br>મયૂરી, કૂકડી, કબૂતરી આદિ અનેક પ્રકારના ઈંડાનો વેપાર<br>દૈનિકવેતન નિયુક્ત પુરુષો વડે ઈંડાનું તળવું.ભૂંજાવું.સેકાવું<br>નિર્ણય અંદવણિક પોતે પણ ઈંડા + દારુનું સેવન કરનાર<br>અનેક પાપકર્મ ઉપાર્જનથી નિર્ણયની નરકગતિ |
| મૂ૦ | ૨૧ | નરકથી ઉદ્ધર્તીને વિજય ચોર+સ્કંદશ્રીના પુત્રપણે જન્મ<br>સ્કંદશ્રીનો દોહદ–મિત્ર,જ્ઞાતિજન આદિથી પરીવરી; વિપુલ<br>અશનાદિ આસ્વાદતી, શસ્ત્રાદિ ધારણ કરી વિચરું<br>વિજયચોરની અનુજ્ઞા પામીને સ્કંદશ્રીએ દોહદ પૂર્ણ કર્યા<br>યોગ્ય સમયે પુત્રજન્મ, અભગ્નસેન નામકરણ |
| મૂ૦ | ૨૨ | અભગ્નસેનના આઠ સ્ત્રી સાથે લગ્ન, ભોગમય જીવન,<br>વિજય ચોરનું મૃત્યુ, અભગ્નસેન ચોર સેનાપતિ,<br>અભગ્ન વડે અનેક ગામનો ભંગ, ઘાટ, લૂંટ<br>લોકો દ્વારા મહાસેનરાજાને ફરિયાદ,<br>રાજા દ્વારા અભગ્નસેનને પકડી લાવવા ફરમાન<br>દંડનાયક દ્વારા અભગ્નસેન સાથે યુદ્ધ, રાજસેના પરાજિત<br>શામ, ભેદ, ઉપપ્રદાન વડે વિશ્વાસ પમાડી પકડવા વિચાર |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૨૩ | રાજા દ્વારા કૂટાગારશાલા બંધાવી, મહોત્સવ ઘોષણા<br>કૌટુંબિકપુરુષો દ્વારા અભગ્નસેનને મહોત્સવમાં નિમંત્રણ<br>મિત્રાદિથી પરિવરીને અભગ્નસેનનું કૂટાગારશાળાએ આવવું<br>કપટથી અભગ્નસેનને બંદી બનાવવો, તેના વધનો આજ્ઞા<br>ગૌતમસ્વામીનો પ્રશ્ન– અભગ્નસેનની ગતિ શું?<br>અભગ્નની નરકગતિ, પછી અધ્યયન–૧ મુજબ ભવભ્રમણ,<br>અંતે વાણારસી નગરીએ જન્મ–દીક્ષા–મોક્ષ. |
| વૃ૦ | | દશ દિવસીય મહોત્સવમાં કહેવાયેલ શબ્દોની વ્યાખ્યા |
| | | |
| શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૪–'શકટ' | | |
| મૂ૦ | ૨૪ | અધ્યયન: ૪ નો ઉપોદ્ઘાત,<br>સાહંજની નગરી, દેવરમણ ઉદ્યાન, અમોઘયક્ષાયતન<br>મહાચંદ્ર રાજા, સુષેણ મંત્રી, સુદર્શના ગણિકા,<br>ત્યાં સુભદ્ર નામે સાર્થવાહ, ભદ્રા નામે પત્ની, શકટ પુત્ર<br>ભગવંત મહાવીરનું આગમન, ધર્મ કથન<br>ગૌતમસ્વામીનું ભિક્ષાર્થે રાજમાર્ગે ગમન<br>રસ્તામાં એક સ્ત્રી સહિત ઘણા પુરુષોને બાંધેલ જોવા<br>ગૌતમસ્વામીનો પૂર્વવત પ્રશ્ન, ભગવંતનો ઉત્તર–<br>વધ્યપુરુષનો પૂર્વભવ, છગલપુર નગર, સિંહગિરિ રાજા,<br>ત્યાં છણિક નામે એક કસાઈ,<br>પાડા બકરા આદિ સેંકડો પશુઓને વાડામાં બાંધી રાખતો,<br>ચાકર પુરુષો પશુઓને મારીને છણિક કસાઈને આપતા<br>અન્ય પણ ઘણા પશુઓને તળાતા,ભૂંજાતા,પકાવાતા<br>છણિક કસાઈ પણ માંસ અને દારૂને આસ્વાદતો રહેતો<br>અનેક પાપકર્મોને ઉપાર્જી, મરીને ચોથી નરકે |
| મૂ૦ | ૨૫ | સુભદ્ર સાર્થાવાહની પત્ની ભદ્રાની કુક્ષિમાં છણિકનો જન્મ<br>બાળકને ગાડાં નીચે સ્થાપેલ હોવાથી 'શકટ' નામ<br>સુભદ્ર અને ભદ્રાનું મૃત્યુ, શકટને ગૃહનિકાલ<br>શકટને સુદર્શનાના સ્નેહ, સુસેણ અમાત્યે તેને કાઢી મૂકવો<br>સુસેણે સુદર્શનાને પત્ની રૂપે ઘરમાં રાખવી |

| | | |
|---|---|---|
| | | શકટના પૂર્વવત સુદર્શના સાથે કામભોગ<br>સુસેણ અમાત્યનું જોવું, શકટ અને સુદર્શનાને મૃત્યુદંડ |
| મૂ૦ | ૨૬ | ગૌતમનો પ્રશ્ન, શકટની મૃત્યુ પછીની ગતિ ?<br>લોહમય અગ્નિથી તપાવેલ સ્ત્રી સાથે આલિંગન કરાવાયેલ તે<br>મરણ પામીને રત્નપ્રભા નરકે ઉત્પત્તિ<br>ત્યાંથી રાજગૃહ નગરે માતંગકુળમાં યુગલરૂપે જન્મ,<br>પુત્રનું નામ શકટ, પુત્રીનું નામ સુદર્શના રખાશે<br>બન્ને પરસ્પર કામભોગરક્ત બનશે<br>શકટ કુટગ્રાહી બની, ઘણું જ પાપ ઉપાર્જી નરકે જશે<br>ભવભ્રમણ કરતો, અંતે સમકિત પામી, દેવગતિ થઈ, પછી<br>બીજા ભવે મહાવિદેહે જન્મી દીક્ષા, મોક્ષ |
| | | |
| | | **શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૫–‘બૃહસ્પતિ દત્ત’** |
| મૂ૦ | ૨૭ | અધ્યયન: ૫ નો ઉપોદ્‌ઘાત<br>કૌસાંબી નગરી, ચંદ્રોત્તરણ ઉદ્યાન, શ્વેતભદ્ર યક્ષાયતન<br>શતાનીક રાજા, મૃગાવતી રાણી<br>શતાનીકનો પુત્ર ઉદાયન, પદ્માવતી રાણી<br>સોમદત્ત પુરોહિત, વસુદત્તાભાર્યા, બૃહસ્પતિદત્તપુત્ર<br>ભગવંત મહાવીરનું આગમન<br>ગૌતમનું ભિક્ષાર્થે ગમન, રાજમાર્ગે પ્રાણદંડ દૃશ્ય<br>ગૌતમ દ્વારા ભગવંતને પૂર્વવત પ્રશ્ન<br>પૂર્વભવ કથન, મહેશ્વરદત્ત પુરોહિત,<br>જિતશત્રુરાજાને યુદ્ધમાં વિજયમાટે યજ્ઞમાં બાળકોની આહુતિ |
| મૂ૦ | ૨૮ | મહેશ્વરદત્ત ઉક્ત અશુભકર્મથી આયુ પૂર્ણ કરી નરકગતિમાં,<br>ત્યાંથી કૌશાંબીમાં સોમદત્ત+વસુદત્તાના પુત્રરૂપે જન્મ<br>તેનું ‘બૃહસ્પતિદત્ત’ એવું નામકરણ<br>યૌવનવયે ઉદાયન રજા સાથે મૈત્રી, રાજાનું પુરોહિતકર્મ કરતો<br>પદ્માવતી રાણી સાથે અનાચાર, બૃહસ્પતિને પ્રાણદંડ<br>મૃત્યુ, સાતે નરકમાં ભવભ્રમણ, અંતે મહાવિદેહે મોક્ષ |
| | | |

| શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬-'નંદિષેણ (નંદિવર્ધન)' | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૨૯ | અધ્યયન: ૬ નો ઉપોદ્‌ઘાત<br>મથુરા નગરી, ભંડીર ઉદ્યાન, સુદર્શન યક્ષાયતન<br>શ્રીદામરાજા, બંધુશ્રી ભાર્યા, નંદિષેણ(નંદિવર્ધન)કુમાર<br>સુબંધુ અમાત્ય, ચિત્ર નામે વાણંદ<br>ભગવંત મહાવીરનું આગમન, ધર્મ કથન<br>ગૌતમનું ભિક્ષાર્થ ગમન, માર્ગમાં વધદ્દશ્ય જોવું<br>તે પુરુષને લોઢાના અગ્નિવર્ણા સિંહાસને બેસાડેલ<br>અગ્નિસમ વર્ણવાળા લોહ વાસણમાં તાંબા, તરુઆ સીસાનો<br>ઉકાળેલ રસ વગેરે ભરીને તે પુરુષનો અભિષેક કર્યો<br>લોઢાના અતિ ગરમ આભૂષણો પહેરાવ્યા<br>ભગવંતને ગૌતમ દ્વારા પૂર્વવત પ્રશ્ન<br>ભગવંત દ્વારા પૂર્વભવનું કથન<br>સિંહપુરનગરે સિંહરથ રાજાનો  દુર્યોધન નામે જેલર<br>બંદીઓને વિવિધ રીતે કઠોર દંડ કર્તા, તે માટે તાંબા,સીસા,<br>તરુઆ આદિના ઉકળતા રસની ભરેલ લોહકુંડીઓ+માટીના<br>કુંડા, જેમાં ઘોડા,હાથી આડી પશુના મુત્રો ભરેલ રહેતા<br>આવા કઠોર દંડના બીજા પણ અનેક સાધનો<br>સિંહરાજાના અનેક ચોર, પારદારિક વગેરેને તપેલ તાંબાદિના<br>રસ, પશુના મૂત્રો પીવડાવવા વગેરે અતિ ત્રાસ આપતો<br>આવા અશુભકર્મના ઉપાર્જનથી છટ્ઠી નરકે ઉત્પત્તિ<br>કઠોર દંડના ઉપકરણોમાં આવતા શબ્દોના અર્થ |
| મૂ૦ | ૩૦ | નરકમાંથી ઉદ્વર્તીને દામરાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં,<br>પુત્ર જન્મ, નંદિષેણ (નંદીવર્ધન)નામ,<br>રાજ્યલિપ્સાથી પિતા શ્રીદામ રાજાને મારવા માટે ષડયંત્ર,<br>ચિત્તવાણંદ વડે રાજાને  માહિતી અપાતા નંદિષેણનું પકડાઈ<br>જવું, તેના વધ માટેની આજ્ઞા,<br>પૂર્વવત પ્રશ્ન, મરીને રત્નપ્રભા નરકે ઉત્પત્તિ<br>ભવભ્રમણ, અંતે બોધિપ્રાપ્તિ, કાળક્રમે મોક્ષ |

| શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૫–'ઉંબરદત્ત' | | |
|---|---|---|
| મૂ૦ | ૩૧ | અધ્યયન: ૭ નો ઉપોદ્ઘાત<br>પાડલખંડ નગર, વનખંડ ઉદ્યાન, ઉંબરદત્તયક્ષાયતન<br>સાગરદત્ત સાર્થવાહ, ગંગદત્તા ભાર્યા, ઊંબરદત્ત પુત્ર<br>ભ૦ મહાવીર સમવસરણ, ધર્મકથન<br>પૂર્વવત વિધિપૂર્વક ગૌતમનું ભિક્ષાર્થે ગમન<br>નગરના પૂર્વદ્ધારેથી પ્રવેશતા એક કોઢિયાને જોવો<br>કોઢિયા પુરુષનું વર્ણન: તેને ખરજ, કોઢ,જલોદર આદિ રોગો<br>હાથ પગમાં સોજા, કાન નાકમાં સડો, શરીરમાં ઘણા વ્રણો,<br>પરુ અને લોહીનું વહેવુ ઈત્યાદિ.<br>સંયમ + તપથી વિચરતા ગૌતમસ્વામીને બીજા, ત્રીજા, ચોથા<br>છટ્ઠના પારણે અનુક્રમે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દ્ધારેથી પ્રવેશ<br>કરતા એ જ રોગીષ્ટ, ભિક્ષુ પુરુષને જોવો.<br>ભગવંતને ગૌતમસ્વામી દ્ધારા તે પુરુષની પૂર્વભવ પૃચ્છા–<br>વિજયપુર નગર, કનકરથ રાજા, તેને ધન્વંતરી નામે વૈદ્ય,<br>આ વૈદ્ય અષ્ટાંગ આયુર્વેદનો જ્ઞાતા<br>લોકોની ચિકિત્સા માટે અનેક પ્રકારે માંસનો પ્રયોગ, ખેચર,<br>જળચર, સ્થળચરાદિ અનેક તિર્યંચનો માસ ખાવા ઉપદેશ.<br>પોતે પણ માંસ+મદિરા સેવી, મૃત્યુ,<br>ઘણા અશુભ કર્મો ઉપાર્જી છટ્ઠી નરકે ઉત્પત્તિ<br>ગંગદત્તા સાર્થવાહી મૃતવત્સા હોવાથી પુત્ર માટે યક્ષ પૂજાદિ,<br>ઉંબરદત્તયક્ષની કૃપાથી ધન્વંતરીનો જીવ ગંગદત્તાની કુક્ષીમાં<br>ઉંબરયક્ષ કૃપાથી પ્રાપ્ત થયો હોવાથી ઉંબરદત્ત નામ<br>માતા, પિતાના મૃત્યુ બાદ ઉંબરદત્તનો ગૃહનિકાલ<br>ઉંબરદત્તના શરીરમાં સોળ રોગોત્પતિ, પછી મૃત્યુ<br>અનેક ભવમાં ભ્રમણ બાદ અંતે મહાવિદેહે મોક્ષ |
| વૃ૦ | | રોગી પુરુષના વિવિધ રોગ માટેના શબ્દોનો અર્થ<br>પર્યાપ્ત ભિક્ષા પ્રાપ્તિ બાદ ગૌતમની વિધિ અને આહાર<br>આઠ ભેદે આયુર્વેદના નામો અને તેના અર્થો |
| | | |

<table>
<tr><th colspan="3">શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૮-'શૌર્યદત્ત'</th></tr>
<tr><td>મૂ૦</td><td>૩૨</td><td>અધ્યયન:૮ નો ઉપોદ્ઘાત<br>શૌર્યપુર નગર, શૌર્યાવતંસક ઉદ્યાન, શૌર્ય યક્ષ<br>શૌર્યપૂરના ઈશાન ખૂણામાં માછીમારોનો એક મહોલ્લો<br>સમુદ્રદત્ત માછીમાર, સમુદ્રદત્તા ભાર્યા, શૌર્યદત્ત પુત્ર<br>ગૌતમસ્વામીને ભિક્ષા લઈ પાછા ફરતા માછીમારમહોલ્લા પાસે<br>એક મચ્છીમાર પુરુષને જોવો, આ પુરુષનું વર્ણન-<br>શુષ્ક, ભૂખ્યો, નિર્માંસાદિ; ગાળામાં કાંટો વાગવાથી આક્રંદ<br>કરતો, લોહી+પરુના કોગળા કરતો જોવો<br>ભગવંતને તે પુરુષના પૂર્વભવની પૃચ્છા,<br>નંદીપુર નગર, મિત્ર રાજા, શ્રિયક નામે રાજ રસોઈયો<br>અનેક પશુ પક્ષીને મારીને તેનું માંસ પકાવવું+સંસ્કારવું<br>સ્વયં પણ માંસાસક્તિ+દારૂનું સેવન<br>અશુભ કર્મના ભારથી મૃત્યુબાદ નરકગતિ,<br>ત્યાંથી મૃતવત્સા સમુદ્રદત્તાના પુત્રરૂપે આગમન<br>શૌર્યયક્ષની કૃપાથી પ્રાપ્ત થયો માટે શૌર્યદત્ત નામ<br>સમુદ્રદત્તના મૃત્યુબાદ શૌર્યદત્તનું માછીમારોનું પ્રમુખ બનવું,<br>નદીમાંથી વિવધ પ્રકારના માછલા પકડવા<br>માછલી પકડવાના અનેક સાધનોનો ઉપયોગ<br>માછલી સુકવવી, માછલીના વિવિધ ભોજનો<br>કોઈ દિવસે શૌર્યદત્તના ગળામાં માછલીનો કાંટો લાગવો<br>વૈદ્યોને ઉદ્ઘોષણા, વમન.છર્દન.ઉત્પીડનાદિ અનેક ઉપાય<br>ચિકિત્સા નિષ્ફળ, વેદનાથી બધે ભટકે છે.<br>ભગવંતને શૌર્યદત્તની ભાવિ ગતિની પૃચ્છા<br>મૃત્યુ પછી પહેલી નરકે, સાતે નરક + તિર્યંચગતિનું ભ્રમણ<br>અંતે સૌધર્મ કલ્પે જઈ, મહાવિદેહે જન્મ લઇ, મોક્ષ</td></tr>
<tr><td>વૃ૦</td><td></td><td>શૌર્ય દ્વારા માંસને પકાવવા, તળવા વગેરે માટે વપરાયેલ અને શૌર્યના ગળામાંથી કાંટો કાઢવા કરાયેલ ઉપાયોમાં વપરાયેલ શબ્દોના અર્થ</td></tr>
<tr><td></td><td></td><td></td></tr>
</table>

| શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૯–'દેવદત્ત' | | |
|---|---|---|
| મૂ૦ | ૩૩ | અધ્યયન:૯ નો ઉપોદ્‌ઘાત<br>રોહીતક નગર, પૃથ્વીવતંસક ઉદ્યાન, ધરણયક્ષાયતન<br>વૈશ્રમણદત્ત રાજા, શ્રીરાણી, પુષ્પનંદીકુમાર<br>દત્ત ગાથાપતિ, કૃષ્ણશ્રી ભાર્યા, દેવદત્તાપુત્રી<br>ભ૦ મહાવીરનું સમવસરણ, ગૌતમનું ભિક્ષાર્થ ગમન,<br>માર્ગમાં પૂર્વવત એક સ્ત્રીને શૂળીદંડનું દશ્ય<br>ગૌતમ દ્વારા ભગવંતને તે સ્ત્રીની પૂર્વભવ પૃચ્છા,<br>સુપ્રતિષ્ઠ નગર, મહસેન રાજા, ધારિણી આદિ રાણી<br>સિંહસેન રાજકુમાર, પાંચસો સ્ત્રી સાથે લગ્ન<br>મહસેનરાજાના મૃત્યુ બાદ સિંહસેન રાજા થયો<br>સિંહસેનને શ્યામા રાણીમાં આસક્તિ, અન્યથી વિરક્તિ<br>શ્યામા રાણી પ્રત્યે અન્ય રાણીને દુર્ભાવ<br>શ્યામાની આસક્તિથી મોટી કૂટાગારશાળા બનાવીને ૪૯૯<br>રાણી તથા ને તેની ૪૯૯ માતાઓને સળગાવી દેવી<br>સિંહસેનનું મૃત્યુ, અશુભ કર્મોના ઉપાર્જનથી નરકગતિ,<br>દત્ત ગાથાપતિને ત્યાં પુત્રીપણે જન્મ, દેવદત્તા નામ,<br>રાજા થકી દેવદત્તાની પુષ્યનંદી માટે માંગણી, શોભન તિથી<br>આદિમાં સ્વજન આદિને નિમંત્રી, દેવદત્તા+પુષ્યનંદીના લગ્ન<br>પુષ્યનંદીની માતા શ્રીરાણી પ્રત્યે અનન્ય ભક્તિ<br>પુષ્યનંદી સાથે વિપુલ ભોગના અવકાશ માટે માતા શ્રીરાણીને<br>મારી નાંખવાને દેવદત્તાએ કરેલ વિચારણા<br>દેવદત્તા દ્વારા તપાવેલ લોખંડનો સળીયો શ્રીરાણીના અપાન<br>સ્થાને ઘુસાડી દેવો, શ્રીરાણીનું ભયંકર મોત<br>પુષ્યનંદીની આજ્ઞાથી દેવદત્તાને શૂળીદંડ,<br>ગૌતમ દ્વારા ભગવંતને દેવદત્તાની ભાવિ ગતિની પૃચ્છા<br>દેવદત્તાના મૃત્યુ બાદ રત્નપ્રભા નરકે ઉત્પત્તિ<br>વનસ્પતિકાળ જેટલું દીર્ઘ સંસાર ભ્રમણ<br>અંતે સૌધર્મ દેવલોકે થઇ મહાવિદેહે મોક્ષ |
| | | |

## ૧૧. આગમ સટીક વિષયાનુક્રમ

| | | |
|---|---|---|
| **શ્રુતસ્કંધ–૧, અધ્યયન–૧૦–'અંજૂશ્રી'** | | |
| મૂ૦ | ૩૪ | અધ્યયન:૯ નો ઉપોદ્ઘાત<br>વર્દ્ધમાનપુર નગર, વિજયવર્દ્ધમાન ઉદ્યાન, માણિભદ્ર યક્ષ<br>ધનદેવ સાર્થવાહ, પ્રિયંગુ ભાર્યા, અંજૂશ્રી પુત્રી<br>ભ૦ મહાવીરનું સમોવસરણ, ગૌતમની ભિક્ષાચર્યા ૧૦...<br>અશોકવાટિકામાં અતિરુગ્ણ સ્ત્રીનું કરણુ રૂદન,<br>ભગવંતને તેણીના પૂર્વભવની પૃચ્છા,<br>ઇન્દ્રપુર નગર, ઇન્દ્રદત્ત રાજા, પૃથ્વીશ્રી ગણિકા<br>તે ગણિકાના, વશીકરણાદિ પ્રયોગથી તીવ્રકામભોગ,<br>આ અશુભ કર્મોના ઉપાર્જનથી મૃત્યુ બાદ નરક ગતિ<br>નરકથી નીકળી અહીં અંજુશ્રી રૂપે જન્મ થવો<br>રાજાસાથે વિવાહ, અંજુશ્રીને યોનિશૂળની વેદના<br>અનેક વૈદ્યો અને અનેક ચિકિત્સા ઉપાયોની અસફળતા,<br>અંજૂશ્રીનું કરુણ રૂદન, ગૌતમ દ્વારા તેણીની ગતિની પૃચ્છા<br>મૃત્યુ પામીને રત્નપ્રભા નરકે ઉત્પત્તિ<br>અંજુશ્રીનું ભવભ્રમણ પ્રથમ અધ્યયન માફક જાણવું ,<br>સર્વતોભદ્ર નગરે શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થઇ, સ્થવિરો<br>પાસે દીક્ષા લઇ, સૌધર્મે દેવગતિ પામી, મહાવિદેહે મોક્ષ |
| | | |
| **શ્રુતસ્કંધ–૨–'સુખવિપાક'** | | |
| મૂ૦ | ૩૫ | શ્રુતસ્કંધ–૨ 'સુખવિપાક'નો ઉપોદ્ઘાત<br>સુધર્માસ્વામીનો જંબૂ અણગારને ઉત્તર–સુખવિપાકના દશ<br>અધ્યયનો, આ પ્રમાણે:– |
| મૂ૦ | ૩૬ | સુબાહુ, ભદ્રનંદી, સુજાત, સુવાસવ આદિ ૧૦ અધ્યયન |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૧–'સુબાહુકુમાર'** | | |
| મૂ૦ | ૩૭ | શ્રુતસ્કંધ–૧ ના અધ્યયન–૧ નો ઉપોદ્ઘાત<br>હસ્તશીર્ષનગર, પુષ્પકરંડ ઉદ્યાન, દિવ્ય યક્ષાયતન<br>અદીનશત્રુ રાજા, ધારિણી આદિ હજાર રાણી,<br>ધારિણીને સિંહનું સ્વપ્ન, મેઘકુમાર માફક જન્મ આદિ<br>સુબાહુકુમારનો જન્મ, ઉછેર, અભ્યાસાદિ |

| | | |
|---|---|---|
| ૫૦ | | પુષ્પચૂલા આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યા સાથે લગ્ન,<br>ભ૦ મહાવીરનું આગમન; સુબાહુ પણ જમાલીવત નીકળ્યો<br>સુબાહુનું ધર્મ શ્રવણ, ભગવંત પાસે પોતાની દીક્ષા લેવાની અસમર્થતા; ગૃહસ્થધર્મ સ્વીકાર પ્રતિજ્ઞા.<br>પાંચ અણુવ્રત + સાત શિક્ષાવ્રતયુક્ત ગૃહધર્મ સ્વીકાર<br>ભગવંતને ગૌતમસ્વામીનો પ્રશ્ન, સુબાહુએ આવી સુરુપતાદિ તથા માનુષી ઋદ્ધિ આદિ કઈરીતે પ્રાપ્ત કર્યા?<br><br>ભગવંત દ્વારા સુબાહુના પૂર્વભવનું કથન–<br>હસ્તિનાપુર નગર, ત્યાં સુમુખ નામે ગાથાપતિ<br>ધર્મઘોષ સ્થવિરનું ૫૦૦ શ્રમણ સાથે આગમન,<br>તેમાં સુદત્તમુનિ, નિરંતર માસક્ષમણનો તપ<br>પારણે ગૌતમસ્વામી માફક ભિક્ષાર્થે સુમુખના ઘેર આગમન<br>સુમુખગૃહપતિએ સુદત્તમુનિને આવતા જોઈ, આસનેથી ઉભા થઈ યાવત સુદત્તમુનિ સન્મુખ જવું, પ્રદક્ષિણા, વંદન.<br>દ્રવ્ય.દાયક.પ્રતિગ્રાહક શુદ્ધિથી; ત્રિવિધ ત્રિકરણ શુદ્ધિ વડે આહારદાન, પંચદિવ્ય પ્રગટીકરણ, સંસાર પરિમિત થવો.<br>સુમુખગાથાપતિ સેકડો વર્ષોનું આયુ પાળી, કાળ કરીને અહી અદીનશત્રુ રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં ઉત્પત્તિ<br>સુબાહુકુમાર રૂપે જન્મ, ભગવંત પાસે શ્રાવકધર્મ સ્વીકાર<br><br>સુબાહુકુમારનો ચતુ:પૂર્વીમાં પૌષધ, અષ્ટમભક્તિક તપ<br>ધર્મજાગરિકા દરમ્યાન સુબાહુને પ્રવ્રજ્યા વિચાર<br>ભ૦ મહાવીર પાસે પ્રવજ્યા અને વિહાર<br>અગિયાર અંગોનો અભ્યાસ, તપશ્ચર્યા, શ્રમણજીવન,<br>માસિક સંલેખના, સૌધર્મ દેવલોકે ઉત્પત્તિ<br>કાળક્રમે સર્વાર્થસિદ્ધે, છેલ્લે મહાવિદેહમાં મોક્ષ<br>સૂત્રોક્ત વિવિધ સાક્ષી: મેઘકુમાર–જ્ઞાતાધર્મકથા અધ્યયન પહેલું, મહાબલ–ભગવતીસૂત્રમાં, જમાલી–ભગવતીસૂત્રમાં.<br>સુબાહુના ‘ઈષ્ટ, કાંત’ વગેરે શબ્દોના અર્થ |
| | | |

## ૧૧. આગમ સટીક વિષયાનુક્રમ

| | | |
|---|---|---|
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૨–‘ભદ્રનંદિ’** | | |
| મૂ૦ | ૩૮ | ઋષભપુર, સ્તૂપકરંડક ઉદ્યાન, ધન્ય યક્ષ,<br>ધનાવહ રાજા, સરસ્વતી રાણી, ભદ્રનંદીકુમાર<br>શેષ વર્ણનસુબાહુકુમાર મુજબ જાણવું<br>પૂર્વભવે ફેરફાર–યુગબાહૂ તીર્થંકરને દાન દીધું |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૩–‘સુજાતકુમાર’** | | |
| મૂ૦ | ૩૯ | વીરકૃષ્ણમિત્ર રાજા, શ્રી દેવી, સુજાતકુમાર<br>પૂર્વભવમાં ફેરફાર, શેષ કથન સુબાહુકુમાર મુજબ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૪–‘સુવાસવકુમાર’** | | |
| મૂ૦ | ૪૦ | વાસવદત્ત રાજા, કૃષ્ણાદેવી, સુવાસવકુમાર<br>પૂર્વભવમાં ફેરફાર, શેષ કથન સુબાહુકુમારવત્ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૫–‘જિનદાસકુમાર’** | | |
| મૂ૦ | ૪૧ | મહચંદકુમાર, અર્હદત્તા ભાર્યા, જિનદાસ પુત્ર<br>પૂર્વભવમાં ફેરફાર, શેષ કથન સુબાહુકુમારવત્ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૬–‘વૈશ્રમણકુમાર’** | | |
| મૂ૦ | ૪૨ | પ્રિયચંદ્ર રાજા, સુભદ્રાદેવી, વૈશ્રમણકુમાર<br>પૂર્વભવમાં ફેરફાર, શેષ કથન સુબાહુકુમારવત્ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન –૭–‘મહાબલકુમાર’** | | |
| મૂ૦ | ૪૩ | બલ રાજા, સુભદ્રાદેવી, મહાબલ કુમાર<br>પૂર્વભવમાં ફેરફાર શેષ કથન સુબાહુકુમારવત્ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન –૮–‘ભદ્રનંદિ’** | | |
| મૂ૦ | ૪૪ | અર્જુન રાજા, તપ્તવતી રાણી, ભદ્રનંદી કુમાર<br>પૂર્વભવમાં ફેરફાર શેષ કથન સુબાહુકુમારવત્ |
| **શ્રુતસ્કંધ–૨, અધ્યયન –૯–‘મહાચંદ્ર’** | | |
| મૂ૦ | ૪૫ | દત્તરાજા, રક્તવતી રાણી, મહાચન્દ્ર કુમાર<br>પૂર્વભવમાં ફેરફાર શેષ કથન સુબાહુકુમારવત્ |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૪૬ | શ્રુતસ્કંધ-૧ ના અધ્યયન-૧૦ નો ઉપોદ્ઘાત<br>સાકેત નગર, ઉત્તરકુરુ ઉદ્યાન, પાસમિક યક્ષ<br>મિત્રનંદી રાજા, શ્રીકાંતા રાણી, વરદત્તકુમાર, વરસેના પત્ની<br>ભગવંતનુ આગમન, વરદત્તકુમારનો શ્રાવકધર્મ સ્વીકાર<br>પૂર્વભવે- વિમલવાહન રાજા, ધર્મરુચિ સાધુને પ્રતિલાભતા<br>મનુષ્ય આયુનો બંધ, શેષ સુબાહુકુમાર મુજબ. |
| મૂ૦ | ૪૭ | ઉપસંહાર, સૂત્ર ઉદ્દેશક વિધિ |

**આગમ ૧૧ 'વિપાકશ્રુત' અંગસૂત્ર ૧૧ નો**
**મુનિ દીપરત્નસાગર રચિત સટીક વિષયાનુક્રમ પૂર્ણ**
**-:અગિયાર અંગસૂત્ર-વિષયાનુક્રમ પૂર્ણ:-**

નમો નમો નિમ્મલદંસણસ્સ

# ૧૧.વિપાકશ્રુત
## સટીક વિષયાનુક્રમ


વિષયાનુક્રમ રચયિતા

आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી–૧૧